# શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગ

"વોરા ભવન" "મહેતા ટ્રસ્ટ બીલ્ડીંગ", એરપોર્ટ રોડ, શ્રેયસ સોસાયટી, મહાકાલેશ્વર મંદિર પાસે,
રાજકોટ – ૩૬૦ ૦૦૭ ફોન : (૦૨૮૧) ૨૪૫૧૨૫૩ E-mail : devkaranmuljijainhostel@gmail.com

## શૈક્ષણિક વર્ષ ૨૦ –૨૦ માટેની સૂચના

બોર્ડીંગમાં દાખલ થતી વખતે એડમીશન ફોર્મની સાથે નીચેની વિગતો સામેલ હોવી જરૂરી છે.

(૧) જૈન હોવાનો દાખલો ☐

(૨) જે પરીક્ષા છેલ્લે પાસ કરી હોય તેની માર્કશીટની ઝેરોક્ષ. ☐

(૩) જે સ્કૂલ અથવા કોલેજમાં એડમીશન લીધું હોય તેની ફી ભર્યાની પહોંચની ઝેરોક્ષ. ☐

(૪) એડમીશન ફોર્મમાં આપેલ પાના નંબર–૨(બે) ઉપરના પ્રમાણપત્રમાં રાજકોટ માં રહેતા હોય તેવા "સોરઠ વિશાશ્રીમાળી જૈન ગૃહસ્થ" ની સહી જરૂરી છે. ☐

(૫) પાસપોર્ટ સાઇઝનો ફોટા–૨ ☐

(૬) જુના વિદ્યાર્થીઓએ ઉપરની વિગત ઉપરાંત અગાઉ પોતે ભરેલી ડીપોઝીટની રકમની ઝેરોક્ષા નકલ સામેલ કરવાની રહેશે અને ઓરીજીનલ પહોંચ બતાવવાની રહેશે.

(૭)

| | |
|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. ૩૦,૦૦૦/- |
| ડીપોઝીટ | રૂ. ૫,૦૦૦/- |
| કુલ | રૂ. ૩૫,૦૦૦/- |

(૮) ખાસ નોંધ : લવાજમ તથા ડીપોઝીટની રકમ અલગ અલગ ડ્રાફ્ટ અથવા લોકલ ચેકથી ચૂકવવાની રહેશે.

ચેક અથવા ડ્રાફ્ટ SHETH DEVAKARAN MULJI S.V. JAIN BOARDING ના નામનો આપવાનો રહેશે.

## ❖ બોર્ડીંગની ઓફીસે ભરવાની માહિતી ❖

એ. વિદ્યાર્થીને કાર્યવાહક કમિટીની મીટીંગની મંજુરીને આધિન ટેમ્પરરી એડમીશન આપવામાં આવેલ છે.

બી.

| વિગત | રૂ. | રસીદ નં. | રસીદ તારીખ | ચેક નંબર | બેંકનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. લવાજમ હપ્તો–૧ | | | | | |
| ૨. લવાજમ હપ્તો–૨ | | | | | |
| ૩. ડીપોઝીટ | | | | | |

સી. વિદ્યાર્થીને રૂમ નં. ____________ પલંગ નં. ____________ એલોટ કરવામાં આવેલ છે.

ડી. વિદ્યાર્થીનું ફોર્મ કાર્યવાહક કમિટીની મીટીંગ તારીખ ____________ નારોજ મંજુર કરવામાં આવેલ છે.

ઈ. સુપ્રિન્ટેન્ડન્ટની સહી ____________ તારીખ : ____________

સેક્રેટરીની સહી ____________ તારીખ : ____________

# શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગ

"વોરા ભવન" "મહેતા ટ્રસ્ટ બીલ્ડીંગ", એરપોર્ટ રોડ, શ્રેયસ સોસાયટી, મહાકાલેશ્વર મંદિર પાસે,
રાજકોટ – ૩૬૦ ૦૦૭ ફોન : (૦૨૮૧) ૨૪૫૧૨૫૩ E-mail : devkaranmuljijainhostel@gmail.com

## પ્રવેશ અરજી ફોર્મ

માનનીય ટ્રસ્ટીશ્રી/સેક્રેટરીશ્રી
શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગ,
રાજકોટ.

બ્લડ ગ્રુપ :________________

તારીખ :________________

સવિનય, મારા____________નેઆપની સંસ્થામાં વર્ષ____________દરમ્યાન પુરા લવાજમ સાથે વિદ્યાર્થી તરીકે દાખલ કરવા વિનંતી

(૧) વિદ્યાર્થીનું પુરૂ નામ :________________________________
(અટક) (નામ) (પિતાશ્રીનું નામ)

(૨) પિતાશ્રીનું પુરૂ નામ :________________________________
(અટક) (નામ) (પિતાશ્રીનું નામ)

(૩) નિવાસ સ્થાનનું સરનામું :________________________________

________________________________________________

ગામ:____________પીન કોડ:____________જિલ્લો:____________ફોન/મો.નં.____________

(૪) પિતાશ્રીના વ્યવસાયની વિગત : (સ્વતંત્ર બીઝનેશ/સર્વિસ/રીટાયર)________________

(૫) વ્યવસાય/સર્વિસનું નામ સરનામું :________________________________

________________________________________________

ગામ:____________પીન કોડ:____________જિલ્લો:____________ફોન/મો.નં.____________

(૬) રાજકોટમાં રહેતા વાલી કે નજીકના સગાનું પુરૂં નામ :________________________

સરનામું :________________________________________

(૭) મુળ સોરઠના વતની છો ? હા/ના____________ (૮) હા તો મુળ ગામનું નામ :____________

(૯) વિશાશ્રીમાળી જૈન છો ? હા/ના ____________ (૧૦) દેરાવાસી/સ્થાનકવાસી:____________

(૧૧) અન્ય કોઇ જૈન જ્ઞાતિના :________________________________

(૧૨) વિદ્યાર્થી અગાઉ બોર્ડીંગમાં દાખલ થયા હતા?હા/ના______ (૧૩) હા તો કેટલા વર્ષ રહેલ?____________

(૧૪) છેલ્લું કયું વર્ષ :________________________ (૧૫) બોર્ડીંગ છોડવાનું કારણ :____________

(૧૬) છેલ્લી વાર્ષિક પરીક્ષા કયા ધોરણ માં આપી ?____________તેમાં પાસ થયા છો ? હા/ના______

(૧૭) હવે કયા ધોરણમાં અભ્યાસ કરવો છે ?____________ (૧૮) કુલ કેટલા વર્ષનો અભ્યાસ ક્રમ છે ?______

(૧૯) જે સ્કૂલ/કોલેજમાં એડમીશન લીધેલ હોય તેનું નામ :________________________

સરનામું :________________________ફોન નં.____________ભરેલ ફી રૂા.____________

(૨૦) કુટુંબના સભ્યોની સંખ્યા :________________________ (૨૧) અભ્યાસ કરનાર કેટલા ?____________

(૨૨) કમાનાર કેટલા ? :________________________ (૨૩) માસીક આવક રૂા.____________

(૨૪) કોઇના તરફથી આર્થીક મદદ/સ્કોલરશીપ મળી છે. ? હા/ના (૨૫) હા તો કેટલી ?____________

કોના તરફથી તેની વિગત :________________________________________

## ❖ વિદ્યાર્થીએ ભરવાની માહિતી ❖

સવિનય, મારા વાલીએ ફોર્મમાં દર્શાવેલ માહિતી સંપૂર્ણ સાચી છે. આ ફોર્મ સાથે જોડેલ સંસ્થાના સર્વે નિયમો વાંચી સમજયા છે. આ નિયમો મુજબનું જ વર્તન કરવા આ સાથે ખાત્રી આપું છું. તેમાં ભંગ થયે ટ્રસ્ટીશ્રીઓ તરફથી કે કમીટી તરફથી જે કાંઇ સજા થશે તે ભોગવવાની હું ખાત્રી આપું છું. આ અંગે મારા વાલી કોઇજાતનો વિરોધ કરી શકશે નહિં. મારી છેલ્લી વાર્ષિક પરીક્ષાનું પરીણામ નીચે દર્શાવ્યા મુજબ છે.

અભ્યાસ ક્રમ ધોરણ__________ સ્કૂલ/કોલેજનું નામ: __________

વર્ષ______ રીઝલ્ટ તારીખ : __________ કુલ મેળવેલ ટકા % __________

| ક્રમ | વિગત | કુલગુણ | મેળવેલ ગુણ | ટકા% |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | કુલ.... | | | |

તારીખ : __________ વિદ્યાર્થીની સહી__________

અમારા ચિ.__________ પોતાના અભ્યાસથી તથા વર્તનથી સંસ્થાને પુરે પુરો સંતોષ આપશે.સંસ્થાના દરેક નિયમોનું સંપુર્ણ પણે પાલન કરશે. તેની આ સાથે હુ ખાત્રી આપું છું. બોર્ડીંગ અર્ધ વાર્ષિક /વાર્ષિક સત્ર ફી રૂ.__________ તથા ડીપોઝીટ રૂ.__________ આ સાથે મોકલેલ છે.

તારીખ : __________ વાલીની સહી : __________

**ફોર્મ સાથે છેલ્લી પરીક્ષાનું પરીણામ, જે ગામના રહીશ હો ત્યાનો જૈન હોવાનો સંસ્થાનો દખલો, કોલેજ/સ્કુલની ફી ભર્યાની રસીદની ઝેરોક્ષ, પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ-૨(બે) આપવાના રહેશે. ફોર્મ પુરૂ વ્યવસ્થિત ભરાયેલ નહિ હોય તો કેન્સલ થશે.**

## ❖ પ્રમાણપત્ર ❖

**(આ પ્રમાણપત્ર રાજકોટમાં રહેતા ફક્ત સોરઠ વિશાશ્રીમાળી જૈન ગૃહસ્થ પાસે જ ભરાવવાનું ફરજીયાત છે.)**

હું નિચે સહી કરનાર શ્રી__________ આ સાથે પ્રમાણ પત્ર આપું છું કે અરજદાર વિદ્યાર્થીના કુટુંબને______ વર્ષથી ઓળખું છું અને ચિ.__________ ને બોર્ડીંગમાં પ્રવેશ આપવામાં કશી હરકત જેવું નથી, તેની આ સાથે હું ખાત્રી આપું છું.

પુરૂનામ : __________ સહી : __________

સરનામું : __________

__________

__________

ફોન નં. (ઓ.) __________ ( રેસી.)__________ મોબાઇલનં.__________

# શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગ

''વોરા ભવન'' ''મહેતા ટ્રસ્ટ બીલ્ડીંગ'', એરપોર્ટ રોડ, શ્રેયસ સોસાયટી, મહાકાલેશ્વર મંદિર પાસે,
રાજકોટ – ૩૬૦ ૦૦૭ ફોન : (૦૨૮૧)૨૪૫૧૨૫૩ E-mail : devkaranmuljijainhostel@gmail.com

## બોર્ડીંગમાં એડમીશન મેળવવા અંગેના નિયમો

(૧) પ્રવેશ મેળવવા માટે બોર્ડીંગે નિયત કરેલ ફોર્મમાં અરજી કરવાની રહેશે.
(૨) ફોર્મ સાથે પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોટાડી સુંદર અને સ્વચ્છ અક્ષરે ભરવું અધુરી કે ખોટી વિગતવાળું ફોર્મ રદ થશે.
(૩) આગલા વર્ષની પરીક્ષા પાસ કરનારને જ એડમીશન આપવામાં આવશે.
(૪) ફોર્મ સાથે જ ટસ્ટ્રી મંડળ દ્વારા નક્કી કરવામાં આવેલ બન્ને ટર્મની ફી તથા ડીપોઝીટની રકમ અલગ અલગ લોકલ ચેક અથવા ડ્રાફટથી SHETH DEVAKARAN MULJI S.V. JAIN BOARDING ના નામથી આપવાનોં રહેશે.
(૫) ફોર્મ સાથે જ માર્કશીટની ટુ કોપી આપવાની રહેશે.
(૬) ફોર્મ સાથે જ રાજકોટની સ્કુલ-કોલેજમાં એડમીશન મળ્યાનો દાખલો એટલેક કે ફી ભર્યાની ઝેરોક્ષ રજુ કરવાની રહેશે.
(૭) ફોર્મ સાથે જ વિદ્યાર્થીએ જૈન હોવાનો દાખલો એટલે કે પોતાના ગામના સંઘનું સર્ટીફીકેટ રજુકરવાનું રહેશે.
(૮) કમીટીની મીટીંગમાં મજુર થયે એડમીશન કન્ફર્મ ગણાશે.
(૯) રીજેકટ કરવામાં આવેલ ફોર્મ અંગે કારણ દર્શાવવા માટે કમીટી કે ટ્રસ્ટી મંડળ બંધાયેલ નથી.
(૧૦)બે હપ્તે ફી ભરનાર વિદ્યાર્થીએ પોતાના વાલીની ઇન્કમનો દાખલો આપવો જરૂરી છે.

## બોર્ડીંગમાં રહેવા અંગેના નિયમો

(૧) બોર્ડીંગમાં એડમીશન મળ્યે જે રૂમ, પંલગ એલોટ કરવામાં આવે ત્યાંજ વિદ્યાર્થીએ રહેવું પડશે.
(૨) સવારે તથા સાંજે પ્રાર્થનામાં હાજર રહેવું અનિવાર્ય છે. ગેરહાજર રહેનાર વિદ્યાર્થી સજાનો પાત્ર છે.
(૩) બોર્ડીંગમાં આવેલ દેરાસરમાં સવારે દર્શન તથા પુજા અને સાંજે આરતી-મંગળ દિવા સમયે હાજર રહેવું અનિવાર્ય છે.
(૪) ભોજનાલયનું મેનું સંસ્થા દ્વારા નકકી કરવામાં આવે છે. અને તે મુજબ જ રહેશે. સુપ્રિન્ટેન્ડન્ટશ્રી તથા કેટરર્સએ સંયુકત રીતે જાહેર કરેલ નિયત સમય દરમ્યાન સવારે ચા-દૂધ નાસ્તો, લંચ તથા ડીનર લઇ લેવું ફરજીયાત છે. રાત્રી ભોજનની સખ્ત મનાઇ છે.
(૫) રજીસ્ટરમાં સહી કર્યા બાદ ભોજન લેવાનું રહેશે. જે દિવસે ભોજન લેવું ન હોય તેના આગલા દિવસે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને લેખીત જાણ કરવાની રહેશે. કોઇપણ સંજોગોમાં સાંજે થાળી રાખવામાં આવશે નહી.
(૬) જૈન ધર્મમાં મનાઇ હોય તેવા ખાદ્ય પદાર્થ કે પીણા બોર્ડીંગ પ્રિમાયસીસમાં લાવી શકાશે નહિં.ભોજનાલય ની અંદર બહાર ની કોઇપણ ખાવા-પીવાની વસ્તુ લાવવાની અને ભોજનાલય માંથી કોઇપણ ખાવા-પીવાની વસ્તુ બહાર લઇ જવાની સખ્ત મનાઇ છે.
(૭) વિદ્યાર્થીને કોઇપણ સંજોગોમાં ટીફીન વ્યવસ્થા આપવામાં આવશે નહીં. બોર્ડીંગ તરફથી નક્કી કરાયેલ મેનુ ભોજન આપવામાં આવશે તેમાં કોઇ ફેરફાર કરવાનો અધિકાર વિદ્યાર્થીઓને રહેશે નહીં.
(૮) વિદ્યાર્થી કોઇપણ કારણસર બહાર ગયેલ હોય તો રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં બોર્ડીંગમાં પરત આવી જવું ફરજીયાત છે.
(૯) વિદ્યાર્થીએ પોતાના ગામ જવું હોય ત્યારે જવાનો સમય તથા પરત ફરવાનો સમય સ્પષ્ટ દર્શાવી સુપ્રિન્ટેન્ડન્ટશ્રીની લેખીત જાણ કરી જવાનું રહેશે. પોતાના ગામથી પરત રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં બોર્ડીંગમાં આવી જવાય એ રીતે જ આવવાનું રહેશે. તથા પરત આવીને સુપ્રિન્ટેન્ડન્ટને રીપોર્ટીંગ કરવાનું રહેશે.
(૧૦) બહારની કોઇપણ વ્યકિતએ વિદ્યાર્થીના રૂમમાં જવાની સખ્ત મનાઇ છે. તેઓને જે વિદ્યાર્થીનું કામ હોય તે વિદ્યાર્થીનું નામ સુપ્રિન્ટેડન્ટશ્રી કે, ચોકીદારને જણાવવી વિદ્યાર્થીને ઓફીસ પાસે બોલાવવાના રહેશે. મુલાકાતીએ વીઝીટર રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.
(૧૧) પાન-ફાકી-ગુટકા સીગારેટ લઇને બોર્ડીંગમાં આવવાની મનાઇ છે. વિદ્યાર્થીના ખીસ્સામાં કે મોઢામાં ઉપરોકત વસ્તુ જણાશે તો તે વિદ્યાર્થીને કાઢી મુકવામાં આવશે.
(૧૨) અભ્યાસની સાથે કોઇ વિદ્યાર્થી સર્વિસ કરતા જણાશે તો તે વિદ્યાર્થીનું એડમીશન તાત્કાલીક અસરથી રદ કરવામાં આવશે.
(૧૩) સંસ્થા તરફથી અપાતી સગવડો જેમ કે નાસ્તો, ભોજન, રૂમ, ફર્નીચર, પાણી વગેરે સંસ્થાની અનુકુળતા મુજબ આપવામાં આવે છે. આ અંગે કોઇપણ જાતનો હક્ક કે દાવો રજુ થઇ શકશે નહિં.
(૧૪) વિદ્યાર્થીને આપવામાં આવેલ ઓછાડ, ઓશીકાનું કવર, ગાદલાનું કવર, ચાદર વિગેરે દર ૧૫ (પંદર) દિવસે વિદ્યાર્થીએ ધોવાનું રહેશે અને પથારી સ્વચ્છ રાખવાની રહેશે. તેમજ જે રૂમમાં રહેતા હોય તેને પણ સ્વચ્છ અને વ્યસ્થિત રાખવાનો રહેશે.
(૧૫) વેકેશન દરમ્યાન કે અભ્યાસ પુરો થઇ ગયા બાદ બોર્ડીંગ છોડતા પહેલા વિદ્યાર્થીને આપવામાં આવેલ ગાદલું, ઓશીકું, ઓછાડ, ચાદર, કવર વગેરે મુળ સ્વરૂપે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને સોપવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
(૧૬) બોર્ડીંગ તરફથી જે વસ્તુઓ વિદ્યાર્થીને આપવામાં આવે તે વ્યવસ્થિત રીતે સાચવવાની જવાબદારી જે તે વિદ્યાર્થીની છે. જો તે સાચવવામાં નહિં. આવે અથવા નુકશાન થશે તો વસ્તુની કિંમત તેની પાસેથી વસુલ કરવામાં આવશે. તેની ખાસ નોંધ લેવી.
(૧૭) સંસ્થાના બિલ્ડીંગમાં દીવાલ ઉપર, બાથરૂમ, સંડાસ બારી-બારણા વગેરે જગ્યાએ ગંદકી ફેલાવનાર કે નુકશાન કરનાર વિદ્યાર્થીની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. નુકશાની વધારે હશે તો ડીપોઝીટ ઉપરાંત વધારાની રકમ વસુલ કરવામાં આવશે.
(૧૮) ડીપોઝીટની રકમ વાલીને અથવા તો વિદ્યાર્થીને વાલીના ઓથોરીટી લેટર તથા ડીપોઝીટની ઓરીજનલ રસીદ રજુ કર્યા બાદ જ પરત કરવામાં આવશે.
(૧૯) અસભ્ય વર્તન, વાણી વિલાસ, ચારિત્રમાં ખામી કોઇપણ પ્રકારનો ચળવળ, તોફાન, ઉશ્કેરણી, સ્વછંદીપણું, અભ્યાસમાં બેકાળજી વગેરે વિદ્યાર્થીમાં જોવામાં આવશે તો તે ક્ષણે વિદ્યાર્થીને બોર્ડીંગમાંથી કાઢી મુકવામાં આવશે.
(૨૦) ટ્રસ્ટી/સેક્રેટરીને વિદ્યાર્થીને કોઇપણ ક્ષણે કારણ આપ્યા વગર બોર્ડીંગમાંથી કાઢી મુકવાનો હક્ક અબાધિત રહેશે.
(૨૧) બોર્ડીંગનું શૈક્ષણિક પહેલું સત્ર ૧ લી જુલાઇ થી શરૂ થશે અને દીવાળી સુધીનુ રહેશે. બીજુ સત્ર દીવાળી વેકેશન બાદ શરૂ થશે અને ૩૦ મી એપ્રીલ સુધીનું રહેશે. મે-જુન તથા દીવાળી વેકેશન દરમ્યાન ભોજનાલય બંધ રહેશે. રૂમ ખાલી કરી સામાન લઇ જવાનો રહેશે.
(૨૨) વિદ્યાર્થીની પરીક્ષા પૂર્ણ થયે ૨૪ કલાકમાં બોર્ડીંગ ખાલી કરી દેવાની રહેશે.

(૧) દરેક વિદ્યાર્થીએ સવારના ૬-૦૦ વાગ્યે પ્રાર્થનામાં અચૂક હાજર રહેવું પડશે. સવારની પ્રાર્થના મા હાજર ન રહેનાર વિદ્યાર્થીને નાસ્તો કે દુધ આપવામાં આવશે નહી. નાસ્તાનો સમય ૬-૩૦ થી ૭-૩૦ નો રહેશે. ત્યાર બાદ દુધ કે નાસ્તો આપવામાં આવશે નહી.

(૨) બપોરના ભોજન સમય ૧૧-૦૦ થી ૧૪-૦૦ સુધીનો રહેશે. ત્યાર બાદ શાળા કે કોલેજથી આવતા વિદ્યાર્થીએ ઓફીસમાં નોંધ કરાવવી દેવાની રહેશે. તો તેમના માટે થાળી રાખવામાં આવશે.

(૩) સાંજે જમવાનો સમય ૬-૩૦ કલાકે સૂર્યાસ્ત સુધીનો રહેશે. સૂર્યાસ્ત પછી કોઇપણ સંજોગમાં ભોજન આપવામાં આવશે નહી. રાત્રિ ભોજન કોઇપણ સંજોગમાં આપવામાં આવશે નહીં.

(૪) રસોડાના કોઇપણ વાસણો કે થાળી-વાટકા-ચમચી-ગ્લાસ વિ. માંથી કંઇપણ રૂમમાં લઇ જાવું નહીં.

(૫) ડાયનીંગ હોલમાં તેમજ પ્રાર્થના હોલ અને લાયબ્રેરી તથા લોબીમાં મોબાઇલનો ઉપયોગ કરવાની મનાઇ છે. મોટા અવાજેથી ઘોંઘાટ કે દોડાદોડી કરવાની મનાઇ છે. આ નિયમ ભંગ કરવાનો રૂા. ૫૦/- દંડ કરવામાં આવશે.

(૬) વિદ્યાર્થીની ગેર હાજરીમાં રૂમની લાઇટ કે રૂમનો પંખો ચાલુ રાખવામાં આવશે તો રૂા. ૧૦૦/- દંડ કરવામાં આવશે.

(૭) ડાયનીંગ હોલમાં જમતી વખતે શાંતી રાખવી. પીરસનાર કે કેટરીંગ સ્ટાફ સાથે કોઇપણ બાબત રકઝક કે દલીલ કરવાની નથી. તેમજ થાળીમાં એંઠું મુકવાની મનાઇ છે. ડાયનીંગ હોલમાં જમવા જતા પહેલા આપના બુટ ચંપલ બહાર વ્યવસ્થીત લાઇન સર ઉતારવાના છે.

(૮) દિવસ દરમ્યાન પોતાના રૂમની બહાર નાઇટ ડ્રેસ પહેરીને બહાર નીકળવાની મનાઇ છે.

(૯) રૂમની બારીમાંથી કચરો-વાળ-નાસ્તો અન્ય કોઇપણ વસ્તુ બહાર ફળીયામાં કે લોબીમાં નાખવાની મનાઇ છે. આવો કચરો રાખવામાં આવેલ જ ડસ્ટબીનમાં જ નાખવો.

(૧૦)સંસ્થામાં કિમતી દાગીના, લેપટોપ મોબાઇલ વગેરે તથા વધારે રૂપીયા રાખવાની મનાઇ છે. આમ છતા પણ જો રાખવામાં આવશે અને ખોવાઇ જશે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહી. જો વિદ્યાર્થી પોતાની પાસે એ.ટી.એમ./ક્રેડીટ કાર્ડ રાખશે તો તે અંગેની કોઇ પણ જાતની જવાબદારી સંસ્થાની રહેશે નહીં.

(૧૧)દરેક વિદ્યાર્થી સંસ્થાને પ્રોત્સાહન મળે અન્ય સંસ્થાઓમાં સારી છાપ ઉભી થાય તેમજ સંસ્થાનો વિકાસ થાય તેવી પ્રવૃતી કરે, સારા માર્કસથી પાસ થાય તેમને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.

(૧૨)અન્ય અભ્યાસ કર્તા વિદ્યાર્થીઓને અડચણ રૂપ થાવુ નહિ. રાત્રે ૧૦-૦૦ પછી પોતાના રૂમને છોડવો નહી, સંસ્થામાં CCTV કેમેરા રાખવામાં આવેલ છે.

(૧૩)સંસ્થાની રોજ બરોજની કાર્યવાહી માટે સુપ્રિન્ટેડન્ટની નિમણુંક કરેલ છે. વિદ્યાર્થીએ પોતાની ફરીયાદ માટે સુપ્રિટેન્ડન્ટનો સંપર્ક સાધવો જરૂર પડે તો જ સુપ્રિટેન્ડન્ટની મંજુરી મેળવી કમીટીના સભ્યો મુલાકાતે આવે ત્યારે કે ટ્રસ્ટીઓ સંસ્થામાં આવે ત્યારે તેમને મળવુ, સુપ્રિટેન્ડન્ટને જાણ કર્યા વગર મીટીંગ કરવાની મનાઇ છે.

(૧૪)વિદ્યાર્થીએ પોતાને ફાળવેલ રૂમામાંજ રહેવાનું રહેશે. અન્યના રૂમમાં રહી શકશે નહી. પોતાના મિત્ર કે વાલીને રૂમમાં લઇ જવાની મનાઇ છે. વ્યવસ્થાના ભાગ રૂપે રૂમમાં ફેરફાર સુપ્રિટેન્ડન્ટ કરી શકશે.

(૧૫)વિદ્યાર્થી ચેપી રોગથી પીડાતો હોય અથવા અસ્થિર મગજવાળો હશે તો સંસ્થામાં પ્રવેશ મળી શકશે નહી.

(૧૬)મેનેજમેન્ટ કોઇપણ સમયે (અગાઉ જાણ કર્યા સિવાય) નિયત ફીમાં તથા નિયમોમાં સુધારા - વધારા કરી શકશે ભરેલ ફી કોઇપણ સંજોગોમાં પરત આપવામાં આવશે નહીં. કોઇ પણ વિવાદ માટે રાજકોટ ન્યાયાલય માન્ય રાખવામાં આવશે.

(૧૭)લાઇબ્રેરીની વ્યવસ્થામાં સહયોગના ભાગ રૂપે દરેક ટર્મ પુરી થયે પુસ્તક જમા કરાવવા અનિવાર્ય છે. અન્ય થા પુસ્તકની સપૂર્ણ કીંમત તથ પેન્લટી લેવામાં આવશે.

**ઉપરોક્ત નિયમો અમે બરાબર વાંચીને સમજયા બાદ જ બોર્ડીંગમાં એડમીશન લીધેલ છે. આ નિયમોનો તથા ભવિષ્યમાં ઉમેરવામાં આવેલ નવા નિયમોનો કોઇપણ પ્રકારે અમારા તરફથી ભંગ થાય તો અમારી ડીપોઝીટની રકમ જપ્ત કરી અમારૂ એડમીશન કેન્સલ કરી શકાશે. આ અંગે કોઇપણ વાદ-વિવાદ કે ચેલેન્જ ચાલી શકશે નહિ. તેની ખાત્રી આપીએ છીએ.**

નામ :______________________ વિદ્યાર્થીની સહી______________

નામ :______________________ વાલીની સહી______________

તારીખ :______________________